


Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર    Mo- 9016924808    સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 25,(SURAT), DATE-11/12/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૨૫, (સુરત), તા.૧૧/૧૨/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 વ્યારામાં નીકળેલી હિન્દુ સમાજની રેલીની ઇન્સ્ટાગ્રામ પોસ્ટ પર અભદ્ર ટિપ્પણી સામે રોષ

3 સ્વસ્થ જીવન જીવવા માટે પૌષ્ટિક આહાર ખાવો ખૂબ જરૂરી છે...!!!

4 ભાજપના કાર્યકર દ્વારા અંધાધુન ફાયરીંગ, લગ્નપ્રસંગમાં નાચતાં નાચતાં ભાન ભૂલી કાયદો હાથમાં લીધો


## અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં BAPS સંસ્થાનો કાર્યકર સુવર્ણ મહોત્સવ, PM મોદીએ ગીતની પંક્તિથી આપ્યો સંદેશ

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે એટલે કે, ૭ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ ઇઅડ઼જ સ્વામિનારાયણ સંસ્થા વધુ એક ઇતિહાસ રચવા જઈ રહી છે. ન ભૂતો ન ભવિષ્યતિ કહેવાય એવો 'કાર્યકર સુવર્ણ મહોત્સવ' યોજાઈ રહ્યો છે. આ ઉત્સવમાં ડ઼ખ મોદીએ વીડિયો સંદેશ મોકલ્યો હતો.

PM મોદીએ વીડિયો સંદેશ મોકલ્યો જેમાં તેમણે જણાવ્યું કે, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, સંતગણ અને અન્ય મહાનુભાવ અને વિશાળ સ્ટેડિયમમાં પધારેલા દેવીઓ અને સજ્જનો. કાર્યકર સુવર્ણ મહોત્સવના અવસરે ભગવાન સ્વામિનારાયણના ચરણમાં પ્રણામ કરું છું. આજે પ્રમુખ સ્વામી મહારાજની ૧૦૩ મી જન્મ જયંતી છે, હું તેમને નમન કરું છું. આયોજનની ઉર્જાનો અહેસાસ કરી રહ્યો છું PM મોદી તેમણે જણાવ્યું કે, પ્રમુખ સ્વામિની શિક્ષા અને સંકલ્પ આજે પરમ પૂજ્ય મહંત સ્વામીના સમર્પણથી ફલિત થઈ રહ્યા છે. એક લાખ કાર્યકર, આટલો મોટો કાર્યક્રમ. બીજ, વૃક્ષ અને ફળના ભાવને અભિવ્યક્ત કરતા હું તમારી વચ્ચે ભલે સાક્ષાત ઉપસ્થિત ન થઈ શક્યો, પરંતુ આ આયોજનની ઉર્જાનો અહેસાસ કરી રહ્યો છું. હું પરમ પૂજ્ય મહંત સ્વામી અને અન્ય સંતગણોને નમન કરું છું.




PM મોદીએ BAPSના કાર્યો અંગે કહ્યું કે, BAPS ના કાર્યકરો આખા વિશ્વમાં ભારતના પ્રભાવને શક્તિ આપે છે. ૨૮ દેશોમાં ૧૮૦૦ ભગવાન સ્વામિનારાયણના મંદિર, ૨૧૦૦૦ થી વધુ અધ્યાત્મિક કેન્દ્ર દુનિયા જ્યારે આ જોવે છે.

**અબુધાબીના મંદિરની પ્રતિષ્ઠા અંગે કરી વાત**

ત્યારે ભારતના અધ્યાત્મિક વારસાના દર્શન કરે છે. આ મંદિર ભારતની સંસ્કૃતિનું પ્રતીક છે. કોઈપણ વ્યક્તિ તેની સાથે જોડાય છે ત્યારે ભારતથી આકર્ષિત થયા વિના રહેતા નથી. થોડા સમય પહેલા જ અબુધાબીના મંદિરની પ્રતિષ્ઠા થઈ હતી અને હું પણ તેમાં હાજર રહ્યો હતો. જેનો દુનિયાએ ભારતની સાંસ્કૃતિક વિવિધતા જોઇ છે.

PM મોદી એ કહ્યું, હું તમામ કાર્યકરોને શુભકામના પાઠવું છું. સાથીઓ તમારા મોટા મોટા સંકલ્પો આટલી સહજતાથી સિદ્ધ થઈ જવું એ ભગવાન સ્વામિનારાયણની તપસ્યાનું જ પરિણામ છે. તેમણે જે મૂલ્યોની સ્થાપના કરી છે આજે BAPS એ જ પ્રકાશને વિશ્વમાં ફેલાવી રહ્યું છે.

## ૧૮ મી પુણ્યતિથિએ અશ્રૃભીની શ્રધ્ધાંજલિ



### સ્વ. અરવિંદસિંહ અભેસિંહ ઠાકોર
(કાંતિલાલ)

**સ્વ. તા. ૦૬/૧૨/૨૦૦૬**

ફુલ દુનિયામા તેની સુગંધ છોડી જાય છે તેમ શરીર આત્મા છોડી દે છે, આપણો સાથ રહયો ન રહયો પણ આપણી યાદ હંમેશા અમારી સાથે રહેશે, દિલની ભાવનાઓ શબ્દો થકી હ્દયાંજલિ બની રહેશે. પ્રભુ આપણા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**શોકાકુલ**

કુસુમબેન કે. ઠાકોર
હિમાંશુ કે. ઠાકોર
હિમાબેન હિમાંશુ ઠાકોર
યાના હિમાંશુ ઠાકોર

રાજવીરસિંહ મહેન્દ્રસિંહ ખેર, સુરત
જાગૃતીબેન રાજવીરસિંહ ખેર, સુરત
માનીત રાજવીરસિંહ ખેર, સુરત
તથા સમસ્ત ઠાકોર પરિવાર

મુ. ગામ પાલી, તા. કામરેજ, જીલ્લો, સુરત, હાલ રહે બારડોલી.

## ક્ષત્રિયો ફરી એકમંચ પર આવશેઃકરણી સેના દ્વારા ૨૨ ડિસેમ્બરે અમદાવાદમાં મહાસંમેલન, ક્ષત્રિયો પર સરકાર સતત પ્રહાર કરતી હોવાનો શેખાવતનો આક્ષેપ



સુરત- સુરત પ્રવાસે આવેલા ક્ષત્રિય કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજ શેખાવતે પત્રકારો સાથે વાતચીત કરી હતી જેમાં તેમણે ફરી એકવાર ભારતીય જનતા પાર્ટી ઉપર આકરા શાબ્દિક પ્રહારો કર્યા હતા. ભાજપ સરકાર વિરુદ્ધ ફરીથી તેઓ મેદાનમાં ઉતારવાની ચીમકી આપી રહ્યા છે.

અમદાવાદથી દહેગામ જતા રસ્તામાં આવતા કુંજાડ ગામના ખોડિયાર ફાર્મ હાઉસ ખાતે મહાસંમેલનનું આયોજન કરીને સમાજને એકત્રિત કરવાનો પ્રયાસ કરવામાં આવશે તેવી વાત કરવામાં આવી છે.

અમદાવાદ ખાતે થશે મહાસંમેલન ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ક્ષત્રીયાણીઓની અસ્મિતા પર નિંદનીય ટિપ્પણી કરવામાં આવી હતી અને ત્યારબાદ ક્ષત્રિય સમાજ દ્વારા લડાઈ કરવામાં આવતા ક્ષત્રિય સમાજના સ્વાભિમાનનું પ્રતિક એવી કેસરી પાઘડી પર પણ પ્રહાર કરાયો હતો. આ ઉપરાંત ભાજપ સામે એક રેલીનું આયોજન કરતા અમારી કંપનીઓને પણ બંધ કરાવી દેવામાં આવી હતી અને આ તમામ બાબતે સરકારને જવાબ આપવા માટે ક્ષત્રિય એક્તા મહા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જે ૨૨ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ અમદાવાદ ખાતે યોજવાની માહિતી રાજ શેખાવત દ્વારા આપવામાં આવી હતી.

એક્તા મહાસંમેલનમાં કોણ કોણ જોડાશે ક્ષત્રિય કરણી સેનાના અધ્યક્ષ રાજ શેખાવતે જણાવ્યું કે આ ક્ષત્રિય સમાજના મહા સંમેલનમાં ગરાસદાર, કાઠી, કારડીયા, નાડોદા, હાટી, મહિયા, જાગીરદાર અને ઠાકોર વગેરે ક્ષત્રિય સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે


ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube GUJARAT AATMIYATA
www.gujarataatmiyata.in

ATMIYA PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808


ખેતીલાયક જમીન . ફાર્મ હાઉસ .
દુકાન પ્લોટ ફ્લેટ . રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે .
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....

દુકાન નંબર 101, પ્રિતેશ કોમ્પલેક્ષ શાસ્ત્રી રોડ , બારડોલી.



નિમંત્રણમ્

બારડોલી મંદિર ત્રિદશાબ્દી મહોત્સવ નિમિત્તે
અદ્ભુત પ્રવચન
મારો પરિવાર
સુખી પરિવાર



વક્તા :
ડો. પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામી
(લાઈફ કોચ) BAPS સ્વામિનારાયણ સંસ્થા

તારીખ : ૧૨/૧૨/૨૦૨૪, ગુરુવાર
સમય : સાંજે ૦૭:૦૦ થી ૦૯:૦૦
સ્થળ : બારડોલી કોલેજ, સ્વરાજ આશ્રમની સામે, સ્ટેશન રોડ, બારડોલી.

: નિમંત્રક :
સાધુ ધ્યાનજીવનદાસ, સાધુ પ્રશાંતમુનિદાસ,
BAPS સ્વામિનારાયણ સત્સંગ મંડળ – બારડોલી ક્ષેત્ર
આયોજક : BAPS સ્વામિનારાયણ મંદિર, સાંકરી
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ

Date-11/12/2024 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## શાંતારામ ભટ્ટ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલની વિદ્યાર્થીની એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધામાં રાજયમાં પ્રથમ





**બારડોલી-** બારડોલીની મોતા કેળવણી મંડળ સંચાલિત શ્રી શાંતારામ ભટ્ટ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલની ધોરણ ૧૧ આર્ટસ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની માલ્વી નામ્યા પ્રિતેશભાઈએ લાંચ રૂશ્વત બ્યુરો દ્વારા યોજાયેલ સ્પર્ધામાં રાજય કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યુંછે.

આજ રોજ એન્ટી કરપ્શન ડે નિમિત્તે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ગાંધીનગર, સેક્ટર -૯ ખાતે યોજાયેલ ભવ્ય કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ના વરદ હસ્તે વિદ્યાર્થીનીને સન્માન પત્ર અપાયું હતું તેમજ આ કાર્યક્રમ માં ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ હાજર રહ્યા હતા.

આ સ્પર્ધાનું આયોજન તા. ૦૨/૧૦/૨૪ થી ૧૫/૧૦/૨૪ દરમિયાન કરવામાં આવ્યું હતું જેમાં ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં 'સત્યનીષ્ઠાની સંસ્કૃતિથી રાષ્ટ્રની સમૃદ્ધિ ' જેવા વિષય માં અંગ્રેજી ભાષામાં પોતાના વિચારો રજૂ કર્યા હતા. ભવિષ્યમાં સિવિલ સર્વિસમાં કારકિર્દી બનાવવા માટે પ્રયત્નશીલ એવી પ્રતિભાશાળી વિદ્યાર્થીની માલ્વી નામ્યા પ્રિતેશભાઈ ને મોતા કેળવણી મંડળના પ્રમુખ નવીનભાઈ પટેલ, મંત્રીશ્રી રમેશભાઈ પટેલ, દિપીકાબેન પટેલે અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. આ સિદ્ધિ બદલ માતાપિતાને વિશેષ અભિનંદન પાઠવ્યા હતાં.

## કામરેજ પો. સ્ટે. ના પ્રોહિબિશનનાં ગુનામાં છેલ્લા પાંચ વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી સુરત ગ્રામ્ય એસ.ઓ.જી.પોલીસ




**કામરેજ-** મળતી માહિતી મુજબ એસ. ઓ. જી. શાખાના પોલીસ ઇન્સ્પેક્ટર બી.જી.ઇશરાણી નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ એસ. ઓ. જી. શાખાની અલગ અલગ ટીમો દ્વારા ચોક્કસ દીશામાં વર્કઆઉટ કરતા આજ રોજ એસ. ઓ. જી. શાખાના અ.હે. કો. ગિરિરાજસિંહ અશોકસિંહ તથા પો.કો. અમૃતભાઇ ધનજીભાઇ તથા પો. કો. પરશુરામભાઇ દિલીપભાઇ નાઓને તેઓના સંયુક્ત બાતમીદાર થકી બાતમી હકિકત મળેલ. જે આધારે નાસતા ફરતા આરોપીને મોજે-કામરેજ ચારરસ્તા બ્રિજ નીચેથી તા. કામરેજ, જી. સુરત ખાતેથી પકડી પાડી સદર આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી કામરેજ પો. સ્ટે. ખાતે સોપેલ છે.

કામગીરી કરનાર પોલીસ અધિકારી/કર્મચારી અ પોલીસ ઇન્સ્પેક્ટર બી. જી. ઈશરાણી, એસ. ઓ. જી. શાખા. અ. હે.કો. ગિરિરાજ સિંહ અશોકસિંહ અ પો. કો. અમૃતભાઈ ધનજીભાઈ પો. કો. પરશુરામભાઇ દિલિપભાઇ.

## વ્યારામાં નીકળેલી હિન્દુ સમાજની રેલીની ઇન્સ્ટાગ્રામ પોસ્ટ પર અભદ્ર ટિપ્પણી સામે રોષ

**ભગવાન રામ અને સીતા માતા પર અભદ્ર ટિપ્પણી કરનારની સામે ગુનો દાખલ કરો**



**વ્યારા-** વ્યારામાં હિંદુ હિત રક્ષક સમિતિ તાપી ૧ જિલ્લા દ્વારા બાંગ્લાદેશમાં હિંદુ ધર્મ - પાળતા લોકો પર થતાં અત્યાચારના * વિરુદ્ધમાં એક રેલી નિકળી હતી.આ રેલી ૧ અંગે ઈન્સ્ટાગ્રામ પર કરવામાં આવેલ પોસ્ટ પર ઝુબેર શેખ નામના મુસ્લિમ યુવક દ્વારા ૧ ભગવાન રામ અને સીતા માતા પર અભદ્ર ૧ ટિપ્પણી કરવા માં આવતાં તેની સામે ગુનો - દાખલ કરવા માટે પોલીસમાં અરજીથઈ છે.

ગત બે દિવસ પહેલાં વ્યારા ખાતે તાપી ૧ જિલ્લા હિંદુ હિત રક્ષક સમિતિ અને અન્ય ૧ હિંદુ સંગઠન ના સભ્યો દ્વારા બાંગ્લાદેશમાં ' હિંદુ ધર્મના લોકો પર થતા હુમલાઓ અને ૭ અત્યાચાર સામે રેલી કરી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતાં. આ રેલી સંદર્ભે સોનગઢ નગર અને તેની ૧ આસપાસના વિસ્તારમાં થતી એક્ટિવિટી પ્રસિદ્ધ કરતાં સોનગઢ ટાઈમ્સ નામના ઇન્સ્ટાગ્રામ પેજ પર એક પોસ્ટ મૂકવામાં આવી હતી. આ પોસ્ટ પર કેટલાંક લોકો એ જુદી જુદી જાતની કોમેન્ટ કરી હતી.આ પૈકીના ઝુબેર શેખ નામના મુસ્લિમ યુવકે ભગવાન રામ અને માતા સીતા વિશે ગંદી ગાળો લખવા સાથેની એકદમ ઉશ્કેરણીજનક કોમેન્ટ કરી હતી જેથી હિંદુ ધર્મના લોકોની લાગણી દુભાઈ હતી. આ પોસ્ટ કરનાર વિધર્મી યુવક સામે ધાર્મિક લાગણી દુભાવવા બાબતનો કેસ નોંધવા અંગે હિંદુ સમિતિના પ્રમુખ રાહુલ શિમ્પી એ સોનગઢ પોલીસ મથકે પીઆઈ ને ઉદ્દેશીને એક લેખિત અરજી આપી હતી. આ અરજીમાં જણાવ્યાં મૂજબ આ વિધર્મી યુવક સામે કાયદા ના ભંગ બદલ તાત્કાલિક કેસ નોંધવામાં આવે એ જરૂરી છે અન્યથા આવા તત્વો સામે સમગ્ર હિંદુ સમાજના સભ્યો ઉગ્ર આંદોલન શરૂ કરશે. ઈન્સ્ટાગ્રામ પર ભગવાન વિશે કરવામાંઆવેલી અભદ્ર ટિપ્પણીની મામલે સમગ્ર જિલ્લા ઉગ્ર પ્રત્યાઘાત પડ્યા છે.

## ઓલપાડ પોલીસ ઇન્સ્પેક્ટર ચેતન જાદવના પુત્ર રુદ્ર જાદવે સ્કેટિંગમાં સ્ટેટ લેવલે ગોલ્ડ મેડલ જીત્યો







ટકારમા : તા. ૦૮/૧૨/૨૪ ના રોજ આર.એમ.જી. મહેશ્વરી સ્કુલ લાડવી સુરત ખાતે ગુજરાત કપ રોલર એથલેટિક સ્ટેટ ચેમ્પિયનશીપ યોજાઈ હતી જેમાં ઓલપાડ પોલીસ ઈન્સ્પેક્ટર ચેતન જાદવના પુત્ર રુદ્ર જાદવે અન્ડર ૮ યર બોયઝ રિક્રિએશનલ ઈનલાઈન સ્કેટ સ્પર્ધામાં સ્ટેટ લેવલે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી સુરત સહિત ગુજરાતનુ ગૌરવ વધારેલ છે. આગામી સમયમાં રુદ્ર જાદવ નેશનલ સ્કેટિંગ ચેમ્પિયનશીપમાં ગુજરાતનુ પ્રતિનિધિત્વ કરશે.

## હલધરું ગામનાં ખેડૂત તરફથી ખેડૂત સમાજને આર્થિક સહાય અર્પણ



હલધરું ગામનાં ખેડૂત સાહિલભાઈ તરફથી સુરત જિલ્લા ખેડૂત સમાજને રૂપિયા ૨૧,૦૦૦ નો ચેક આર્થિક સહાય સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યો. સુરત જિલ્લા ખેડૂત સમાજ શ્રી સાહિલભાઈનો સહૃદય આભાર માને છે.

## ગુજરાતમાં વાયડક્ટ પર પાટાનું વેલ્ડિંગ શરૂ થવાની સાથે જ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ગુજરાત ભાગ માટે ટ્રેક નિર્માણનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે



આ પ્રોજેક્ટ માટેના પાટાઓ જાપાનથી ખરીદવામાં આવે છે. જેની લંબાઈ ૨૫ મીટર છે. આ પાટાને અત્યાધુનિક ફ્યુઝન વેલ્ડિંગ (એફબીડબલ્યુ) મશીનો દ્વારા એમએ એચએ સઆર (એમએ એચએ સઆર) વાયડક્ટ પર એકસાથે વેલ્ડિંગ કરવામાં આવે છે, જેથી ૨૦૦ મીટર લાંબા પાટાની પેનલ્સ બનાવી શકાય. અત્યાર સુધીમાં આવા ૨૯૮ પાટાના પેનલને એટલે કે લગભગ ૬૦ કિમી પાટા વેલ્ડિંગ કરવામાં આવ્યા છે.

મુસાફરોની સુવિધા, ટકાઉપણું અને હાઈ સ્પીડ મુસાફરી માટે ટ્રેકની સલામતી સુનિશ્ચિત કરવા માટે પાટાની વેલ્ડિંગ પ્રક્રિયા મહત્ત્વપૂર્ણ છે:

' પાટા વેલ્ડીંગ કરતા પહેલા, પાટાના છેડાને ગ્રાઇન્ડ કરવામાં આવે છે અને સપાટી તૈયાર કરવામાં આવે છે જે પાટાના નિર્ણાયક જોડાણ માટે એક મજબૂત સપાટીની ખાતરી આપે છે

' વેલ્ડીંગ માટેની પરિમાણીય જરૂરિયાતોને પહોંચી વળવા માટે દરેક પાટાને ચકાસવામાં આવે છે ' એક વખત પાટા સંપૂર્ણપણે ગોઠવાય જાય, પછી તેને ફ્લેશ બટ વેલ્ડિંગ તકનિકનો ઉપયોગ કરીને એકબીજા સાથે જોડવામાં આવે છે. ખામીની તપાસ માટે ચુંબકીય કણો અને અલ્ટ્રાસોનિક પરીક્ષણનો ઉપયોગ કરીને વેલ્ડનું નિરીક્ષણ કરવામાં આવે છે અને જો વેલ્ડમાં કોઈ ખામી જોવા મળે તો તેને નવા વેલ્ડ દ્વારા બદલવામાં આવે છે,

લાઇનદોરીની તપાસ વિશેષ રેલ ટ્રેડ માપન ઉપકરણો (જાપાનથી ખરીદવામાં આવેલા) દ્વારા કરવામાં આવે છે. કઠોર પ્રક્રિયામાંથી પસાર થયા બાદ, ૨૦૦ મીટર લાંબા પાટાના પેનલ્સને પ્રમાણભૂત માપન સાથે કામચલાઉ ટ્રેક પાથરવા માટે ખાસ રેલ ફીડર કાર દ્વારા સ્પ્રેડર બનાવવામાં આવે છે, જેથી સ્લેબ લેઇંગ કાર, સીએએમ ઇન્જેક્શન કાર વગેરે જેવી અત્યાધુનિક હાઇ એન્ડ મશીનરીની અવરજવર સરળ બની શકે. પાછળથી આ પાટાને અંતિમ ટ્રેક માટે રેલવે ફાસ્ટનર્સ દ્વારા ટ્રેક સ્લેબ પર ગોઠવવામાં આવે છે.

સમર્પિત ટ્રેક કન્સ્ટ્રક્શન બેઝ (ટીસીબી) નું આયોજન કરવામાં આવ્યું છે અને તેનું નિર્માણ ટ્રેક નિર્માણની સુવિધા માટે થઈ રહ્યું છે. જેમાં રેલવે, ટ્રેક સ્લેબ, મશીનરી અને સાધનસામગ્રીનું જમીન પર અને વાયડક્ટ પર સંચાલન સામેલ છે. તેઓ ટ્રેકના નિર્માણ માટે કામ કરતા ઇજનેરો અને અન્ય માનવ શક્તિ માટે આધાર તરીકે પણ કામ કરે છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ગુજરાત રાજયના વડોદરા અને આણંદ વચ્ચે બે સુરત અને બીલીમોરા વચ્ચે બે અને વડોદરા અને આણંદ વચ્ચે બે ટ્રેકના બાંધકામના ચાર બેઝ હાલ કાર્યરત કરવામાં આવ્યા છે. ટ્રેક સ્થાપનની સમગ્ર પ્રક્રિયા યાંત્રિક રીતે અદ્યતન મશીનરી સાથે ખાસ કરીને, ભારતમાં જાપાનીઝ સ્પષ્ટીકરણ અનુસાર ડિઝાઇન અને ઉત્પાદિત કરવામાં આવે છે.

## કન્યાસીગામની હદમા બનેલ લુટ વીથ હત્યાના વણશોધાયેલ ગુનાનો ભેદ ઉકેલી, ખુન કરનાર બે આરોપીઓને લુટ કરેલ મોબાઈલ સાથે ઝડપી લેતી સુરત ગ્રામ્ય જિલ્લા એલ.સી.બી




**સુરત-** સુરત ગ્રામ્ય જીલ્લાના કીમ પોલીસ સ્ટેશન હદ્દમા ગઈ તા. ૨૫/૧૧/૨૦૨૪ ના રોજ કીમ પો. સ્ટે. વિસ્તારમા કન્યાસીગામ નજીક શિવ ઇન્ડસ્ટ્રીઝ-૦૨ ના ગેટ પાસે રોડ ઉપર ફરીયાદી તથા સાહેદ વિનોદ પીહાને બે મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ અજાણ્યા ઈસમોએ ચપ્પુ બતાવી તથા વિનોદ પીહાનને પેટના ભાગે ચપ્પુ મારી બન્ને પાસેના મોબાઈલ ફોન લુટ કરી નાશી ગયેલ જે બાબતે પ્રથમ કીમ પોલીસ સ્ટેશન લુટનો ગુનો રજીસ્ટર કરવામા આવેલ. સદર ગુનામા ઈજા પામનાર વિનોદ પીહાન ને ગંભીર ઈજા થતા સારવાર માટે સુરત હોસ્પીટલમા દાખલ કરવામા આવેલ જે સારવાર દરમ્યાન તા. ૩૦/૧૧/૨૦૨૪ ના રોજ મરણ જતા ઉપરોક્ત ગુનામા અજાણ્યા આરોપીઓ વિરુધ્ધમા લુટ વીથ હત્યાની કલમનો ઉમેરો કરવામા આવેલ. જેથી વણશોધાયેલ લુટ વીથ હત્યાના ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ પોલીસ અધિક્ષક સુરત ગ્રામ્યએ સંડોવાયેલ અજાણ્યા આરોપીઓની તપાસ કરી ગુનો શોધી કાઢવા જરૂરી દિશા સુચન અને માર્ગદર્શન આપેલ.

ગુનાવાળી જગ્યાની આજુ બાજુના વિસ્તારમા અલગ અલગ જગ્યાના સરકારી તથા ખાનગી જગ્યાના આશરે ૧૨૦ થી વધુ સી.સી.ટી.વી. ફુટેજની તપાસણી કરી, મોબાઈલ ફોન લુટ કરી ,ખુન કરી નાશીજનાર બે મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ અજાણ્યા આરોપીઓના ફોટાઓ તથા વર્ણન મેળવી જેના આધારે અંગત હ્યુમન ઇન્ટેલીજંસ તથા ટેકનીકલ રીતે ચોક્કસ દીશામા વર્કઆઉટ હાથ ધરેલ.

એમ.આર.શકોરીયા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર નાઓ એલ.સી.બી/પેરોલ ફર્લો સ્કોવડ ના પોલીસ મણસો સાથે સયુક્ત ટીમ દ્વારા સદર ગુનામા મોબાઈલ જેવી સામાન્ય વસ્તુ માટે ખુન કરનાર અજાણ્યા આરોપીઓના સી.સી.ટીવી ફુટેજમા શોધી કાઢેલ ફોટાઓ અલગ અલગ ખાનગી વ્યક્તિઓને બતાવી, તથા જિલ્લામાં આ પ્રકારની મોડશ ઓપરેન્ડીથી ગુના આચરતા આરોપીઓના એમ.સી.આર. કાર્ડના આધારે તથા ICUS તથા e-gujcop એપ્લીકેશનમા સંડોવાયેલ અજાણ્યા આરોપીઓ બાબતે વિગતો એકત્રીત કરી ટેકનીકલ તથા અંગત હ્યુમન શોર્શીષ દ્વારા તપાસમા હતા દરમ્યાન સયુક્ત ટીમવર્કના આધારે અંગત હ્યુમન શોર્શીસ દ્વારા ચોક્કસ બાતમી હકિકત મળેલ કે, તાજેતરમા કન્યાસી ગામની હદમા બે મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ અજાણ્યા આરોપીઓએ મરણજનારને ચપ્પુ મારી, ફરીયાદી તથા મરણજનારના મોબાઈલ ફોનની લુટ કરી નાશી ગયેલ જે લુટ વીથ ખુન સંતોષ ગોપીચંદ પવાર નાએ તેના મિત્ર સુબલગૌડા તથા ગોવિંદા બહેરા તમામ હાલરહે. પીપોદરા, મજદાગલી તા. માંગરોલ જી. સુરત નાઓ સાથે મળી કરેલ છે અને જે ત્રણેય આરોપીઓ વાહન ચોરીના ગુનામા તાજેતરમા પકડાયેલ હોવાથી આજરોજ લાજપોર મધ્યસ્થ જેલથી જામીન મુક્ત થનાર છે' જે હકિકતના આધારે લાજપોર મધ્યસ્થ જેલ ઉપર જતા હકિકત મુજબના બે ઈસમો જામીન ઉપર મુક્ત થયેલ હોય જેથી બન્ને ઈસમોને ત્યાથી ઝડપી લઈ વધુ તપાસના કામે એલ.સી.બી કચેરી સુરત ગ્રામ્ય ખાતે લાવી બન્ને ઇસમોની યુક્તિ-પ્રયુક્તિ દ્વારા લુટ વીથ ખુનના ગુનામા આરોપીઓની હાજરી બાબતે સઘન પુછપરછ કરતા બન્ને આરોપીઓએ ગુનાની એકરાર કરતી હકિકત જણાવી, જેથી બન્ને આરોપીઓને સાથે રાખી પીપોદરાગામની હદમા મજદા ગલી વિસ્તારમા પોતાને ભાડાની રૂમમા સર્ચ હાથ ધરતા ઉપરોક્ત ગુનામા લુટ કરેલ મોબાઈલ મળી આવતા વધુ તપાસ અર્થે કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરી કીમ પોલીસ સ્ટેશનને સુપ્રત કરેલ છે.

## પોલિયો નાબૂદી અભિયાનનાં પહેલાં જ દિવસે જિલ્લામાં ૯૩.૪૭% લક્ષ્યાંક હાંસલ થયો

**૮ થી ૧૧ ડિસેમ્બર દરમિયાન ચાલનારા પોલિયો નાબૂદી અભિયાનનો પ્રારંભ**



તાપી જિલ્લામાં તા. ૮ થી ૧૧ ડિસેમ્બર દરમિયાન ચાલનારાં SNID પોલિયો નાબૂદી અભિયાનનો આજથી પ્રારંભ થયો છે. જેનાં પહેલા જ દિવસે જિલ્લામાં ૯૩.૪૭% નો લક્ષ્યાંક હાંસલ થયો છે. તાપી જિલ્લાનાં તમામ તાલુકાઓમાં ૬૭૫૦૦ બાળકોનાં લક્ષ્યાંક સામે આજે ૬૩૦૯૧ બાળકોને પોલિયોની રસી આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે તા. ૯ અને ૧૧ ડિસેમ્બર ઘરે ઘરે જઈને બાકી રહી ગયેલ ૦ થી ૫ વર્ષ ના બાળકોને પોલિયોના ટીપાં પીવડાવવામાં આવશે.

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

## તંત્રી લેખ........



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

## પ્રીતની અનોખી રીત:પાળેલાં પ્રાણી પડખામાં

માણસ માણસ વચ્ચેનું અંતર વધતું જાય છે. પતિ-પત્ની બેડરૂમમાં એકબીજાની આંખમાં આંખ પરોવીને નથી જોતા, પણ પોતપોતાના મોબાઈલ ફોનમાં બિઝી જોવા મળી રહ્યા છે. એકબીજા સાથે વાત નથી કરતા કે નથી એકબીજાને વહાલ કરતા દેખાતા. વહાલ કરે છે તેમના સ્માર્ટ ફોનમાં હાર્ટના ઇમોજીથી. પોતાને મળેલી લાઇક્સથી તેમના ચહેરા મલકાઈ ઊઠે છે. જીવનસાથી શું કહે છે, શું માને છે એમાં રસ ઓછો થઇ રહ્યો છે. આ પરિસ્થિતિ હવે એક એવા અંતિમ તરફ જઈ રહી છે કે એ જાણ્યા પછી તમે બોલી ઊઠશો કે આ શું થવા બેઠું છે? વાત એક સર્વેની છે. ભલે એ ફોરેનમાં થયો હોય, આપણે ત્યાં સુધ્ધાં એ હકીકતના પડછાયા દેખાવા લાગ્યા છે. બિલાડી અને શ્રાન પાળતા આશરે ૨૦૦૦ લોકોની આદતોનો અભ્યાસ કરવામાં આવ્યો છે અને એના તારણો હેરત પમાડનારા અને સાથે સાથે આંચકો આપનારા ચોક્કસ છે. જેમની પૂછપરછ કરવામાં આવી હતી એમાંના અડધોઅડધ લોકો તેમની નવરાશની પળો તેમના સાથી કરતાં પાળેલા -ાણી સાથે પસાર કરવાને -ાધાન્ય આપતા હોવાનું તારણ આ અભ્યાસમાંનીકળ્યું છે.

અલબત્ત આવું કરવા માટે તેમની પાસે એકથી વધુ કારણો સુધ્ધાં છે. તેમનું કહેવું છે કે આ -ાણીઓનો સહવાસ સુખકારી હોય છે, કારણ કે એક તો આ પાળેલા -ાણીઓ હેરાન નથી કરતા, નથી સામી દલીલ કરતા અને સૌથી મહત્ત્વની વાત એ છે કે કાયમ મૂડમાં રહેતા હોય છે. તેમનો તોબરો ચડેલો નથી હોતો. આ અભ્યાસના અન્ય તારણ પણ રસ-દ છે. આંખ ઉઘાડનારા છે. ૧૦ વયસ્ક વ્યક્તિમાંથી ત્રણ જણનું કહેવું છે કે તેમના સ્ત્રી અથવા પુરુષ સાથીદાર કરતા પાળેલું -ાણી તેમની વાત વધુ ધ્યાનથી સાંભળે છે. ૪૫ ટકા લોકોની દલીલ પણ જાણવા જેવી છે અને જાણ્યા પછી સમજવા જેવી છે. આ સમજણમાં જ -ીતની રીતનું કારણ દેખાય છે. આ ૪૫ ટકા વયસ્ક લોકોનું કહેવું છે કે તેમની મીની માસી કે મોતી ક્યારેય સામો સવાલ નથી કરતા કે નથી તેમના સ્વભાવ કે વર્તનની ખોડ કાઢતા.

પિક્ચર અભી બાકી હૈ મેરે દોસ્ત. આ સર્વેના અન્ય કેટલાક તારણો પણ આંખ ઉઘાડનારાની સાથે સાથે નવી દૃષ્ટિ દેનારા છે. ૨૯ ટકા લોકોનું કહેવું છે કે આ ચોપગું -ાણી તેમને વધુ વહાલ કરે છે અને તેમનું પડખું વધુ હૂંફ અને વહાલ આપનારું હોય છે. હવે પછીનું તારણ વાંચો અને આંખ ચોળીને બેઠા થઈ જાઓ. ૪૪ ટકા લોકોનું કહેવું છે કે પોતાના સ્ત્રી કે પુરુષ મિત્ર કરતાં આ -ાણીઓને લાડ લડાવવામાં કે તેમને આલિંગન આપવામાં તેમને વધુ આનંદ મળે છે. હજી આગળ વાંચો અને બદલાતી દુનિયાથી માહિતગાર થાઓ. આ પાળેલા -ાણીઓના માલિકોમાંથી કેટલાક વળી રોજિંદા જીવનમાં પોતાના સાથીદારની સરખામણીમાં -િય શ્રાન કે બિલાડીને વધુ વહાલ કરતા હોવાની કબૂલાત કરે છે. જો પુરુષ કે સ્ત્રી સાથીદાર સાથે બોલાચાલી થઈ હોય તો પીઠ ફેરવીને ડબલ બેડના ખૂણે પીઠ ફેરવીને સૂઈ જવામાં આવે છે, જયારે -ાણી સાથે આવો વ્યવહાર નથી કરવામાં આવતો. આ સર્વે સાથે સંકળાયેલી એક વ્યક્તિએ જણાવ્યા મુજબ આ સંશોધનમાંથી મળેલી કેટલીક માહિતી સપાટી પર ચોંકાવનારી જરૂર લાગે છે, પણ વિદેશીઓમાં પાળેલા -ાણીઓ -ત્યેનું વહાલ કેટલું વધી રહ્યું છે એનો ખ્યાલ આવી રહ્યો છે. એટલું જ નહીં, પણ આ -ાણીઓ પરિવારનો મહત્ત્વનો હિસ્સો કયા કારણસર બની ગયા છે એનો સુધ્ધાં ખ્યાલ આવે છે. સર્વેનો અભ્યાસ કરનારી એક વ્યક્તિનો જવાબ ઘણું કહી જાય છે. એની દલીલ છે કે ૩આ ચોપગા મિત્રો આપણી સમસ્યાને સાંભળે છે એવો તમે આનો અર્થ કાઢો અથવા કોઈ નિરાંતની પળે સોફા કે બેડ પર એને આલિંગનમાં લેવાથી દિલને ટાઢક પહોંચતી હોય

અને તેમના બિનશર્તી -ેમનો અહેસાસ થાય છે એવું સમજો એ તમારી વિચાર કરવાની શક્તિ પર આધાર રાખે છે. હકીકત એ છે કે, આ ચોપગા -ાણીનું મહત્ત્વ જીવનમાં વધી રહ્યું છે. અને એક મિનિટ... ક્યારેક તો જીવનસાથી કરતા પણ વધારે.

આ અનોખા અભ્યાસનું અન્ય એક તારણ પણ ચોંકાવનારું કે આંખ ઉઘાડનારું છે. પાળેલા -ાણી કે -િયજનમાંથી પસંદગી કરવાની હોય ત્યારે ૧૪ ટકા લોકોએ શેષ જીવન -િયજનની બદલે તેમના પાળેલા -ાણી સાથે વિતાવવાનું પસંદ કર્યું છે. પુખ્ત વયના લોકો દિવસ દરમિયાન ક્વૉલિટી ટાઈમ (દરરોજ આશરે અડધો કલાક) મોતી કે મીની માસી સાથે પસાર કરે છે. કેટલાક લોકો પોતે ઘરથી દૂર ગયા હોય ત્યારે સાથીદાર કરતાં -ાણીની ગેરહાજરી તેમને વધુ સાલે છે. મોતી કે મીની વધુ મિસ થાય છે.

ઈનોવા કાર ભાડે થી મળશે

૫-સિટર

૭-સિટર



સંપર્ક- અનિલભાઈ

મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## સ્વસ્થ જીવન જીવવા માટે પૌષ્ટિક આહાર ખાવો ખૂબ જરૂરી છે...!!!



જેમ જીવવા માટે શ્વાસ લેવો જરૂરી છે તેમ શરીર ને સ્વસ્થ રાખવા માટે શરીર ને જરૂરી અને પૌષ્ટિક આહાર આપવો પણ એટલું જ જરૂરી છે. આજના મોર્ડન વર્લ્ડમાં લોકો બધીજ ફેન્સી ફૂડ પ્રોડક્ટ પર ક્રેઝી થઈ રહ્યા છે પણ ઘણી વખત તેમને પૂરતું પોષણ મળતું નથી. જો દરેક માણસ જાગૃતતાથી બધી વસ્તુ માં પોષણ શોધવા લાગે તો નાની મોટી તકલીફોથી બચી શકે છે. અને રોજિંદા આહારમાં જો બધી પોષ્ટિક વસ્તુઓ લેવામાં ધ્યાન રાખે તો ઘણી બીમારીઓ થી દૂર રહી શકાય છે.

આમ જોવા જઇએ તો આહાર એ જ ઔષધ છે. પુરાતન કાળથી જોવામાં આવે છે કે આપણા ખાવા પીવાની વસ્તુઓમાંથી આપણે કેટલીક વસ્તુઓ દવાની જેમ વાપરીએ છીએ. દરેક વસ્તુના પોતાના ગુણ હોય છે જો એ સમજીને આપણે તેનો વપરાશ કરીએ તો વધારે દવાઓ લેવી પડે નહિ. આહાર એટલે આપણા શરીરને ચલાવવા માટેનું જરૂરી પદાર્થ છે. આહાર ઘણી બધી વસ્તુઓથી બને છે. શરીરના પોષણ માટે આપણે કાર્બોહાઇડ્રેટ્સ, પ્રોટીન, ફેટ, વિટામિન, મિનરલ્સ બધાની જરૂર પડે છે. અને આ બધી વસ્તુઓ આપણને અલગ અલગ ખાવાની વસ્તુઓ માંથી મળે છે.

એવું કહેવાય છે કે ખોરાક એ એક સૈન્ય છે જે ભેગા મળીને આપણા શરીરની રક્ષા કરે છે. આગળ સમજીએ કે કઈ વસ્તુઓમાંથી કઈ વસ્તુઓ આપણે લઈ શકીએ છીએ.

સૌ પ્રથમ આપણે વાત કરીયે શાકભાજીની. શાકભાજી દિવસમાં ૩ થી ૪ વાટકી ખાવી જરૂરી છે. શાકભાજીમાંથી આપણ ને ભરપૂર માત્રામાં ફાઈબર, વિટામિન્સ અને મિનરલ્સ મળે છે. એ સિવાય શાકભાજી આપણી પાચન શક્તિ અને રોગ પ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. જમવામાં દરરોજ સલાડ અથવા સૂપ અને કચુંબર વગેરે લેવું. વઘારીને બનાવેલા શાક પણ ખાવાથી ખુબ ફાયદા થાય છે. ફળમાંથી પણ આપણ ને ઘણા બધા વિટામિન્સ અને મિનરલ્સ મળે છે. દિવસમાં ૨-૩ ફળ ખાવા ખુબ ફાયદાકારક છે. ફળોમાંથી આપણ ને ફાઈબર પણ સારી માત્રામાં મળી રહે છે. વજન ઘટાડવા માટે પણ ફળ વધારે લઈ શકાય છે.

ઘઉં, ચોખા, બાજરી, જુવાર વગેરે ધાન આપણ ને પૂરતી માત્રામાં કાર્બોહાઇડ્રેટ્સ આપવામાં મદદ કરે છે. શરીરની બેઝિક એનર્જી ની જરૂરિયાત માટે કાર્બોહાઇડ્રેટ્સ ખુબ જ જરૂરી છે. આ બધા ધાનમાંથી આપણને પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ્સ અને ફાઈબર વગેરે મળે છે. દિવસ માં ૨ થી ૩ વાટકી ધાન ખાવા આપણા શરીર માટે સારા છે.




દાળ / કઠોળ જેમ કે મગ, મગની દાળ, ચણા, તુવેરદાળ વગેરે શરીર ની પ્રોટીન જરૂરિયાતો પુરી કરવા માટે જરૂરી છે. આમાંથી પણ કાર્બોહાઇડ્રેટ્સ વિટામિન્સ વગેરે મળે છે. સ્નાયુઓ અને હાડકા ની સ્વસ્થતા માટે દિવસમાં ૨-૩ વાટકી દાળ / કઠોળ લેવા જરૂરી છે. તેલ, ઘી વગેરે શરીર માટે જરૂરી તો છે પણ જો વધારે માત્રામાં લેવાય તો ફાયદા કરતા નુકશાન વધારે કરે છે. આખા દિવસ માં ૩-૪ નાની ચમચી થી વધારે તેલ / ઘી લેવા નહિ. તેલ ,ઘી માંથી આપણ ને જોઈતા ફેટ્સ મળે છે. જે આપણા સાંધા અને ચામડી વગેરે ને સ્વસ્થ રાખવા માટે જરૂરી છે. પણ જો વધારે લેવામાં આવે તો જલ્દી પચતા નથી અને શરીરમાં જમા થવા લાગે છે. જેનાથી હૃદયની બીમારી, બ્લડ પ્રેશર, જાડાપણું જેવી બીમારી થવાની આશંકાઓ વધી જાય છે.

સૂકા મેવા પણ આપણા શરીર ને જોઈતા સારા ફેટ્સ આપવામાં મદદ કરે છે. કાજુ, બદામ, અંજીર, ખજૂર, અખરોટ ખુબ જ ફાયદાકારક છે. દરરોજ ૧ મુઠ્ઠી સૂકો મેવો લઈ શકાય છે. દૂધ, દૂધની બનાવટોમાંથી આપણ ને પ્રોટીન, કેલ્શિયમ જેવી જરૂરી વસ્તુઓ મળી રહે છે. દહીં, પનીર, ચીઝ જેવી વસ્તુઓ આપણા આંતરડાની દેખભાળ કરવા માટે જરૂરી છે. તેનાથી પાચનક્રિયા સારી રીતે થાય છે. આપણને સૌને ખબર છે કે ઘંઉ અને ચોખામાંથી કાર્બોહાઇડ્રેટ મળે છે તથા દાળ, કઠોળ અને દૂધમાંથી પ્રોટીન મળે છે, જયારે શાકભાજી, ફળ વગેરે આપણને વિટામિન અને મિનરલ આપવામાં મદદ કરે છે. પણ એ સિવાય પણ આપણે આપણા રોજિંદા જીવનમાં બીજી વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ પરંતુ તેની મહત્વતા આપણને ખબર નથી. આપણા મસાલા જેમ કે મરચું, હળદર, જીરું, રાઈ, તજ વગેરે આપણને સ્વાદ સિવાય અન્ય ઘણી રીતે ઉપયોગી છે. જે પ્રમાણસર અને પદ્ધતિસર લેવાય તો ખુબ જ ગુણકારી નીવડે છે. યોગ્ય આહાર થકી તંદુરસ્ત રહી શકીએ છીએ. ખોરાક ને જાણો અને જિંદગી માણો.

## સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકા મોહણીગામના સરપંચ દ્વારા ગામને વિકાસસિલ બનાવતા તેમના કાર્યકાળ દરમ્યાન ૨૪૦ લાખની માતબર સરકારી ગ્રાન્ટ પોતાની કાબેલયતથી મેળવી

સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકા મોહણીગામના સરપંચ ગિરીશકુમાર ભીખુભાઈ પટેલ દ્વારા ગામને વિકાસસિલ બનાવતા તેમના કાર્યકાળ દરમ્યાન ૨૪૦ લાખની માતબર સરકારી ગ્રાન્ટ પોતાની કાબેલયતથી મેળવી. અત્યાર સુધીમાં અગાઉનાં ૪૦ વરસમા તમામ વહીવટ કરેલા સરપંચો કરતા વધારેમાં વધારે ગ્રાન્ટ લય ગામને તમામ સુવિધાઓ તેમજ યોજનાઓ દ્વારા હરણ ફાળ વિકાસ કર્યો છે જે



અગાઉ ૪૦ વરસમાં ૧૦૦ લાખ સુધી પણ કોઈ પહોંચી શક્યું નહતું તેમજ વધુમાં ૩૭૦ લાખના આવાસ મંજુર કરાવી ગરીબોને પાકા મકાનો માં રહેતા કર્યા છે.

## કામરેજ પોલીસે રૂ.૨.૧૫ કરોડ થી વધુની કિંમતનો વિદેશી દારૂનો નાશ કર્યો

કામરેજ : કામરેજ પોલીસ મથકના હદમાંથી એક વર્ષ દરમ્યાન ઝડપાયેલ જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો ઉપર રોલર ફેરવી રૂ.૨,૧૫,૭૫,૧૦૬ નો દારૂનો જથ્થો નાશ કર્યો હતો. વિગત મુજબ કામરેજ પોલીસ સ્ટેશનની હદમાંથી .૦૧-૧૧-૨૦૨૩ થી ૧૨-૧૧-૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન નોંધાયેલ ૨૦૫ ગુનામાં પકડાયેલ કુલ નાની મોટી વિદેશી દારૂની બાટલીઓ તથા બીયર ટીન મળી કુલ્લે બોટલ નંગ ૧,૬૨,૫૫૪ જેની કુલ કિંમત રૂ.૨,૧૫,૭૫,૧૦૬ નો મુદ્દામાલ ઝડપાયો હતો. જે પોલીસ સ્ટેશનમાં જમા હોય જેથી કામરેજ પોલીસ સ્ટેશનનો કિ. રૂ. ૨,૧૫,૭૫,૧૦૬ નો પ્રોહિ મુદ્દામાલ નાશ કરવા અંગેની સમિતી નિમવામાં આવેલ જેના અધ્યક્ષ સ્થાને વી.કે.પીપળીયા, અધ્યક્ષ અને પ્રાંત અધિકારી, કામરેજ પ્રાંત તથા આર.આર.સરવૈયા, વિભાગીય પોલીસ અધિકારી કામરેજ વિભાગ, કામરેજ તથા એ.ડી. ચાવડા પોલીસ ઈન્સપેક્ટર, કામરેજ પેલસ



સ્ટેશન તથા જે.એસતા, જીલ્લા અધિક્ષક, નશાબંધી અને આબકારી વિભાગ સુરત નાઓની હાજરીમાં ૨,૧૫,૭૫,૧૦૬ રૂ. નો મુદ્દામાલ નાશ કરાયો હતો.

## સિઝનમાં પ્રથમવાર તાપમાનનો પારો ૮ ડિગ્રી નીચે: લઘુત્તમ તાપમાનમાં સતત ઘટાડો થતાં ઠંડીનું પ્રમાણ વધ્યું, નલિયામાં નોધાયું ૮ ડિગ્રી કરતાં પણ ઓછું લઘુત્તમ તાપમાન

અમદાવાદ- ગુજરાતમાં ડિસેમ્બર માસના બીજા સપ્તાહની શરૂઆતથી જ શિયાળો બરાબર જામ્યો છે અને ધ્રુજાવી દેતી ઠંડીની શરૂઆત થઈ છે. રાજયભરમાં તમામ જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન ઘટતા જાણે સમગ્ર ગુજરાતવાસીઓ ઠંડીથી ઠુઠવાઈ ગયા હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. ત્યારે હજુ પણ આગામી દિવસોમાં ઠંડીનું જોર યથાવત રહેવાની હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં ગુજરાત પર આવતા પવનો ઉત્તર પશ્ચિમ દિશાથી આવી રહ્યા છે તેથી ઠંડા પવનો ગુજરાત પર આવતા તાપમાનમાં ઘટાડો થયો છે. આ સાથે જ ગત મોડી રાત્રે મધ્ય ગુજરાતના ભાગોમાં પવનની ગતિ પણ સામાન્ય કરતાં થોડા અંશે વધુ અનુભવાય રહી હતી. જેને કારણે ઠંડા પવનો ફૂંકાતા ઠંડીનો અનુભવ વધુ થયો હતો.



નલિયામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૭.૬ ડિગ્રી તાપમાન નોંધાયું ગુજરાત રાજયમાં જયાં સામાન્ય રીતે સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નોંધાવાતું હોય છે તેવા નલિયામાં સતત બીજા દિવસે રાજયનું સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. જે આ વર્ષનું સૌથી ઓછું લઘુત્તમ તાપમાન પણ છે. નલિયામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૭.૬ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું આ ઉપરાંત ગતરોજ કરતા નલિયામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ૩.૨ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો.

વેસ્ટન ડિસ્ટર્બન્સના પગલે ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે પૂર્વ ઉત્તર પ્રદેશ પરથી હાલમાં વેસ્ટન ડિસ્ટર્બન્સ પસાર થઈ રહ્યું હોવાથી ગુજરાત પર ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે. જેને કારણે ગુજરાત રાજયના લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. હાલમાં ગુજરાત પર આવતા પવનોની દિશા મુખ્યત્વે ઉત્તર અને ઉત્તરપૂર્વીય છે. જેથી કાશ્મીરમાં જે હિમવર્ષા થઈ છે.


Date-11/12/2024 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## દર્શન નાયકની ફરિયાદ સંદર્ભે રાજય પોલીસ વડાની સૂચના



**સુરત-** સુરત જિલ્લા અને શહેરમાં જાહેર માહિતી અધિકાર અધિનિયમ - ૨૦૦૫ હેઠળ મળેલ સુરત જિલ્લા અને શહેરી વિસ્તારોમાં જમીનને - લગતી અરજી તથા ફરિયાદની માહિતી અન્વયે તટસ્થ અને પ્રામાણિક - અધિકારીઓની નિમણૂક કરી યોગ્ય તપાસ કરી જવાબદાર સામે કાર્યવાહી - કરવા બાબતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શનકુમાર એ - નાયક દ્વારા આદરણીય પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ - અધિકારી , પહેલો માળ, પોલીસ ભવન, ગાંધીનગર ને તા. ૦૭/ ૧૨/ - ૨૦૨૪ નાં રોજ રજૂઆત કરવામાં આવેલ હતી . જેના અનુસંધાનમાં - આદરણીય પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી દ્વારા સુરત શહેર પોલીસ કમિશ્નર અને એસ. પી. સુરત રૂરલને પ્રસ્તુત અરજી બાબતે કાયદેસર ની કાર્યવાહી કરી અરજદાર ને યોગ્ય પ્રત્યુત્તર પાઠવવા સૂચનાં આપવામાં આવી રહ્યાં છે.

Mo-9727410292 Mo-9426810292




## શ્રી બાલાજી ડાઈનિંગ હોલ

ઘામળોદ રોડ, બારડોલી



કન્ટ્રક્શન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

## જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

## ભાજપને નિયમો ઘડવા ભારે પડ્યાં, વય મર્યાદા મુદ્દે બબાલ

### ભાજપમાં ભડકો : વોર્ડ-તાલુકા પ્રમુખની પસંદગી પ્રક્રિયા પર બ્રેક

ગુજરાતમાં ભાજપના નવા પ્રદેશ પ્રમુખનુ નામ જાહેર થાય તે પહેલાં સંગઠનની રચનાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે જેના ભાગરુપે બધાય જીલ્લામાં તાલુકા- વોર્ડ પ્રમુખની નિમણૂંક માર્ટે પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે પણ અચાનક જ દિલ્હી હાઇકમાન્ડે ભાજપ સંગઠનની ચૂંટણી પ્રક્રિયા સ્થગિત કરવા આદેશ કર્યો છે. વોર્ડ-તાલુકા ભાજપ પ્રમુખપદ માટે વયમર્યાદા ઉપરાંત ચોક્કસ નિયમો ઘડાતાં ભાજપમાં ભડકો થયો છે. આંતરિક રોષ ભભૂકતાં હવે વોર્ડ-તાલુકા પ્રમુખ માટેની વયમર્યાદા સહિત માર્ગદર્શિકામાં બદલાવ કરવો પડે તેવી સ્થિતી સર્જાઈ છે.

### બે દિવસમાં ભાજપના ચૂંટણી અધિકારી કાર્યકરોનો સેન્સ લે તે પહેલાં જ દિલ્હી હાઈકમાન્ડનો આદેશ છૂટ્યો, રૂક જાવ


એક તરફ, ભાજપ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલની મુદત પૂર્ણ થઇ છે. કેબિનેટ મંત્રી પદ મળ્યાં બાદ પાટીલને પણ હવે ગુજરાત ભાજપના સંગઠનમાં રસ રહ્યો નથી. તાજેતરમાં પાટીલે દિલ્હીમાં ફેરવેલ પાર્ટી યોજી સંગઠનમાંથી બીજી તરફ, ગુજરાત ભાજપના નવા પ્રદેશની શોધખોળ ચાલી રહી છે ત્યારે ભાજપે સંગઠનની રચના કરવાના ભાગરુપે વોર્ડ-તાલુકા પ્રમુખની પસંદગી પ્રક્રિયા આરંભી દીધી છે.

જોકે, આ વખતે ભાજપે એવા નિયમો ઘડ્યો છેકે, બે વખત સક્રિય સભ્ય હોય તે જ વોર્ડ અને તાલુકા પ્રમુખનો દાવેદાર થઈ શકશે સાથે સાથે ૪૦ વર્ષથી વધુ વયના કાર્યકર પ્રમુખપદ માટે ફોર્મ ભરી શકશે નહી.

## જોઈએ છે....!!!



શ્રી સાંઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ, બારડોલી
સંચાલિત શ્રી સત્ય સાંઈ હોસ્પિટલ
સત્ય સાંઈ ઈન્સ્ટીટ્યુટ



નર્સ-મહિલા, એકાઉન્ટન્ટ (કોમ્યુટરનાં જાણકાર)
લેબ ટેક્નીશીયન , ડેન્ટલ સર્જન બી.ડી.એસ.
નર્સ A.N.M /G.N.M. ની જરૂર છે.
ઉપરોક્ત લાયકાત ઘરાવતા ઉમેદવારોએ ૭ દિનમાં પ્રમાણીત નકલ તથા મોબાઈલ નંબર સાથે અરજી કરવી.
Mo. 02622358737
સ્થળ : સત્ય સાંઈ હોસ્પિટલ, સત્ય સાંઈ ચોક, શાસ્ત્રી રોડ, બારડોલી
સીવણ ક્લાસીસ બ્યુટી પાર્લર અને ફિઝિયોથેરાપી અને આંખ અને દાંતની સારવાર વિનામૂલ્ય કરવામાં આવે છે




Nirogyam Ayurveda
खरीदने के लिए इस नंबर पर संपर्क करें +91 96878 40444

## બારડોલીના NRIઓની સાંસદ પ્રભુ વસાવાને રજૂઆત

### દક્ષિણ ગુજરાતમાં આવતા NRIને મુંબઈ એરપોર્ટથી લીકર પરમીટ આપવા માંગ

ગુજરાતમાં આવતા એન. આર. આઈ. ઓને સરકાર મુંબઈ એરપોર્ટ પર જ લીકર પરમીટ પાસપોર્ટના આધાર પર ઈસ્યુ કરી દેવામાં આવે તેવી માંગણી બારડોલી પ્રદેશના એન.આર. આઈ. ઓએ ૨૩-બારડોલી લોકસભાના સાંસદ પ્રભુ વસાવાને રજુઆત કરી છે.

નવેમ્બર, ડિસેમ્બરમાં દર વર્ષે દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ, નવસારી, સંઘ પ્રદેશ અને ભરૂચજિલ્લામાં હજારોની સંખ્યામા એન.આર.આઈ. ઓ અમેરિકા, ઈંલેન્ડ, ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા, કેનેડા સહિતના વિદેશોમાંથી માદરે વતન આવે છે અને પોતાના ગામ શહેરમાં આવીને પોતાના સંતાનોના લગ્ન સમારોહ પણ યોજે છે. વિદેશથી આવતા એ ન .આ ર .આ ઈ .ઓ ને અગાઉના સમયમાં મુંબઈ એરપોર્ટ પરથી જ તેઓના પાસપોર્ટ પર સરકારે નક્કી કરેલા ક્વોટા પ્રમાણે દારૂની પરમીટ આપી દેવામાં આવતી હતી.

જેથી તેઓ મુંબઈથી દારૂ ખરીદી પોતાના વતનના ઘરે નિરાંતે જતા હતા. પરંતુ પાછલા કેટલાક સમયથી મુંબઈ એરપોર્ટ પરથી એન.આર.આઈ.ઓને દારૂની પરમીટ આપવાની બંધ કરી દેવામાં આવી હોવાથી એન.આર.આઈ. ઓને ભારે પરેશાનની સામનો કરવો પડી રહ્યો હોવાની એક લેખિત રજૂઆત ૨૩-બારડોલી લોકસભાના સાંસદ પ્રભુ વસાવાને બારડોલી પ્રદેશના એન.આર. આઈ. બિપીનભાઈ પટેલ, રાજેન્દ્રભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ, ભુપેન્દ્રકુમાર પટેલ અને પરેશભાઈ પટેલે કરી છે. તેમણે રજૂઆતમાં જણાવ્યું છે કે, તેમને કેટલીક વખત કાયદાકીય સંઘર્ષમાં પણ ઉતરવાનો સમય આવે છે. ઘણી વખત મોટા ભાગના એન.આર.આઈ.ઓ મુંબઈ અરપોર્ટથી બ્યુટીફ્રી નિયમ પ્રમાણે મળતો દારૂ ખરીદીને આવે છે તેવા લોકોને ગુજરાત મહારાષ્ટ્ર બોર્ડ પર પોલીસ હેરાન કરે છે. જેથી આ સમસ્યાનો ઉકેલ લાવવો જરૂરી છે.

## ભાજપના કાર્યકર દ્વારા અંધાધુન ફાયરીગ, લગ્નપ્રસંગમાં નાચતાં નાચતાં ભાન ભૂલી કાયદો હાથમાં લીધો, પાંચ રાઉન્ડ ફાયરીગ કરતા બે લોકોને ઇજા થઇ



સુરત- ડિંડોલી વિસ્તારમાં લગ્નપ્રસંગે ફાયરિંગની ઘટના સામે આવી છે, જેમાં ડી.જે.ના તાલે નાચતાં-નાચતાં ભાજપના કાર્યકર ઉમેશ તિવારીએ પોતાની રિવોલ્વર કાઢી પાંચ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ ઘટનામાં નાચી રહેલા બે યુવકને પગમાં ગોળી વાગતાં સારવાર માટે ખસેડવા પડ્યા છે. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. આરોપી છેલ્લા ઘણાં વર્ષોથી ભારતીય જનતા પાર્ટીનો સક્રિય સદસ્ય છે, સાથે શહેરના મોટા નેતાઓ સાથે પણ તેની તસવીર જોવા મળી રહી છે.

પોલીસ દ્વારા આરોપીનો વરઘોડો કાઢી ઘટનાસ્થળે લાવી પંચનામું કરવામાં આવ્યું હતું. આરોપી દ્વારા હવામાં ૩ રાઉન્ડ અને નીચે ૨ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. બોમ્બ-સ્ક્વોડની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. ૮ ડિસેમ્બર ડિંડોલીની શક્તિ સોસાયટીમાં રાત્રિના ૧૧ વાગ્યાની આસપાસ ભાજપ કાર્યકર અને ડેનિશ કેકનો માલિક ઉમેશ તિવારી મિત્રના લગ્નપ્રસંગમાં નાચી રહ્યો હતો. આ સમયે ઉમેશે પોતાનો પ્રભાવ બતાવવા માટે લાઇસન્સવાળી રિવોલ્વર કાઢી ધડાધડ હવામાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ અને અન્ય બે રાઉન્ડ લોકો વચ્ચે નાચતાં-નાચતાં કર્યું હતું. આ ઘટનામાં ઉમેશ તિવારીની બેદરકારીને કારણે ડીજેમાં નાચી રહેલી બે વ્યક્તિને ઈજા પહોંચી છે. ભાજપ કાર્યકર ઉમેશ તિવારીએ કરેલું ધડાધડ ફાયરિંગ સ્થળે લાગેલા સીસીટીવી કેમેરામાં પણ કેદ થયું છે.

સીસીટીવીમાં સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે ફાયરિંગ બાદ ઈજાગ્રસ્ત યુવાન ખુરસી પર બેસી જાય છે અને થોડીવારમાં તે નીચે ઢળી પડે છે. આ બાદ પણ ઉમેશ તિવારી રિવોલ્વર લઈ નાસ્તો દેખાય છે. આ રિવોલ્વર ઉમેશ તિવારીની લાઇસન્સવાળી હોવાનું જાણવા મળી રહ્યું છે. આ ફાયરિંગની ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલો એક યુવાન પાણીપૂરીના વ્યવસાય સાથે સંકળાયેલો છે અને તેના પગમાં ગોળી વાગી હતી. વટ મારવા માટે હવામાં ફાયરિંગ કરનાર ભાજપના કાર્યકર ઉમેશ તિવારી સામે ડિંડોલી પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી છે. પોલીસ દ્વારા રિવોલ્વર પણ જપ્ત કરવામાં આવી છે.

## બારડોલી કોલેજનો વિદ્યાર્થી રાજય કક્ષાએ દ્વિતીય ક્રમે

**બારડોલી-** બારડોલી તાજેતરમાં રાજકોટ મુકામે યોજાઈ ગયેલા રાજય કક્ષાના યુવક મહોત્સવમાં અત્રેની પી. આર. બી. આર્ટસ એન્ડ પી. જી. આર. કોમર્સ કોલેજના વિદ્યાર્થી આશુતોષ વિશ્વકર્મા લોકવાદ્યમાં દ્વિતીય ક્રમે વિજેતા થયા છે. તેમની સાથે ટીમ મેનેજર તરીકે પ્રા. ડો. રસિક મકવાણાએ સેવા આપી હતી.

કોલેજના ઈનચાર્જ આચાર્ય ડો. વિક્રમ ચૌધરી, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રા. સંઘ્યા ભટ્ટ તથા કોલેજ પરિવારે, આશુતોષને અભિનંદન પાઠવ્યાં હતાં.

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).